# : ઈબાદતગુઝાર અને બાદશાહ :

બની ઈસરાઈલમાં એક બાદશાહ હતો. તે એ એક આબિદ અને પરહેઝગાર બંદાને પોતાના મહેલમાં તલબ કીધો. અને ઘણી ઈઝઝત, એહતેરામ અને મેહમાન-નવાઝી કીધી અને કહ્યું કે, "અય ઈબાદતગુઝાર બંદા ! હું તુંને મારા મહેલમાં રહેવા વાસ્તે એક કમ્રો (રૂમ) આપું, તું મારા મહેલમાં રહીને ખુદાની ઈબાદત કર." તે આબિદે કહ્યું કે, "અય બાદશાહ સલામત ! અગર કોઈ કહે કે આ આબિદ બાદશાહની મલેકા (રાની) સાથે બદસુલૂકી અને બદતમીઝી કરે છે તો આપ શું કરશો ?"

બાદશાહ આબિદના આ કલામ સાંભલીને ઘણો ખફા થયો અને ગુસ્સામાં આવીને બોલો કે, "અય કમબખ્ત ! અય કમઅકલ ! તું મારી નઝરોથી દૂર થઈ જા. તું મને બેવકૂફ સમઝે છે ? અને આ મુજબ બેઅદબીથી વાત કરે છે ?"

આબિદે પછી કહ્યું કે, "મારો બાદશાહ અને મારો પાલનહાર એવો છે કે હું હરરોઝ ૭૦ ગુનાહ કરૂં છું, તે બાવજૂદ મારા ઉપર ગુસ્સો નથી કરતો. તેની ઈનાયત અને કરમથી મને મેહરૂમ નથી કરતો અને તમેં મને ગુનાહ કીધા બગૈર ગુનાહગાર કહી દીધો અને મારે પર ગુસ્સે પણ થયા." આ કલામ બોલી ઈબાદતગુઝાર મહેલમાંથી ચાલો ગયો અને બાદશાહ ફિકરમાં પડી ગયો અને પરેશાન થઈ ગયો. ★